RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

રાજકોટ શહેરી વિકાસ સતામંડળ – એસ્ટેટ શાખા

## જાહેર હરરાજી

રાજકોટ શહેરી વિકાસ સતામંડળ હસ્તક **ટી.પી. – ૯, એફ.પી. – ૨૦/અ,** અવધ કલબ રોડ, ઈસ્કોન મંદિર પાછળ, હરીકીર્તન હોલ સામે વાણિજ્ય હેતુસર બનાવેલ દુકાનોની જાહેર હરરાજી રાખેલ છે. કુલ ૧૨ દુકાનો કે જેનો કારપેટ એરીયા ૧૫.૭૪ ચો.મી થી લઈ ૨૧.૧૯ ચો.મી સુધીનો છે. આથી રસ ધરાવતી પાર્ટી/પેઢી/વ્યકતીઓએ જાહેર હરરાજીના સમયે હાજર રહેવા માટે રાજકોટ શહેરી વિકાસ સતામંડળ આમંત્રીત કરે છે. જાહેર હરરાજીમાં ભાગ લેવા માંગતા ઈસમો દ્વારા તા. ૧૦/૦૭/૨૦૨૪ નાં રોજ સમય ૩:૦૦ વાગ્યા સુધીમાં ડી.ડી. અથવા ચેકની નકલ અત્રેની કચેરીએ જમા કરાવવાની રહેશે. જાહેર હરરાજીની શરતો અને બોલીઓ રૂડાની વેબસાઈટ www.rajkotuda.com પરથી તેમજ રૂડા કચેરીએથી રૂબરૂ મળી શકશે.

-સહી-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સતામંડળ
રાજકોટ

## <u>રાજકોટ શહેરી વિકાસ સતામંડળ – એસ્ટેટ શાખા</u>

રાજકોટ શહેરી વિકાસ સતામંડળ દ્વારા વોર્ડ નં. ૭ માં ડેકોરા વેસ્ટ હીલ પાસે, સંકિર્તન હોલની સામે, કાલાવડ રોડ, મુંજકા-મોટામૌવા, રાજકોટ. **ટી.પી. – ૯, એફ.પી. – ૨૦/એ** માં શોપીંગ સેન્ટરમાં આવેલ 12 (બાર) દુકાનો જાહેર હરરાજી કરી વેંચાણથી આપવાની છે. આ જાહેર હરરાજીની શરતો નીચે મુજબ છે.

**<u>શરતો :</u>**

1. જાહેર હરરાજીમાં ભાગ લેનાર ઇસમે હરરાજીની તારીખના આગળના દિવસ સુધીમાં એસ્ટેટ વિભાગમાં અથવા હરરાજીના દિવસે સ્થળ પર રૂ. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ રાજકોટ શહેરી વિકાસ સતામંડળના નામના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી ડીપોઝીટ તરીકે ભરવાનાં રહેશે. ડીપોઝીટ ભરનાર ઇસમ જ હરરાજીમાં ભાગ લઇ શકાશે. માંગણી નામંજુર થયે ડીપોઝીટનો ચેક / ડી.ડી. સ્થળ ઉપર જ પરત આપવામાં આવશે.
2. જે નામથી દુકાન ખરીદવા માંગતા હોય તેમના જ એકાઉન્ટનો ચેક ડીપોઝીટ પેટે આપવાનો રહેશે. તેમજ જે – તે વ્યકિત/ પેઢીનું આધાર કાર્ડ / ઓળખપત્ર આપવાનું રહેશે.
3. જાહેર હરરાજીમાં ભાગ લેનાર ઇસમ જો સંયુક્ત નામે અથવા ભાગીદારીમાં દુકાન ખરીદવા માંગતા હોય તો બીજુ નામ અથવા ભાગીદારનું નામ જણાવવાનું રહેશે. પાછળથી નામમાં ઉમેરો કે સુધારો થઇ શકાશે નહી.
4. હરરાજીમાં ભાગ લેનાર દરેક ઇસમે બોલીનો બોલ રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) ના રાઉન્ડ ફિગરમાં જ બોલવાનો રહેશે.
5. જે ઇસમની છેવટની ઉંચી બોલ મંજુર થાય તેવા ઇસમે દુકાનની કુલ કિંમતના ૨૫% રકમનો ચેક (ડિપોઝીટની રકમ બાદ કરતા) સ્થળ પર જમા કરાવી આપવાનો રહેશે. જે ચેક હરરાજીના દિવસથી ૫ દિવસ સુધીમાં જમા લેવામાં આવશે. તેમજ ડીપોઝીટ પેટે આપેલ ચેક હરરાજીના દિવસે જ જમા લેવામાં આવશે.
6. હરરાજીમાં ભાગ લેનારે આપેલ ડીપોઝીટ કે ૨૫% રકમનો ચેક રીટર્ન થવાના કિસ્સામાં, જે – તે વિરુધ્ધ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવશે. તેમજ નિયમોનુસાર ચેક રીટર્ન ચાર્જ વસુલવામાં આવશે.
7. દુકાન વેંચાણ રાખનારે બાકી અવેજની ૭૫% રકમ રાજકોટ શહેરી વિકાસ સતામંડળની દ્વારા અરજદારશ્રીને લેખિત જાણ કરવામાં આવ્યે દિન – ૬૦ માં ભરપાઇ કરવાની રહેશે. જો વેંચાણ રાખનાર દ્વારા બાકી અવેજની ૭૫% રકમ, ઉક્ત ૬૦ દિવસથી મોડી ભરવામાં આવશે તો જેટલા દિવસ મોડી ભરેલ હશે તે દિવસોનું ૧૮% મુજબ સાદુ વ્યાજ વસુલવામાં આવશે. પરંતુ જો વેંચાણ રાખનાર બાકી અવેજની ૭૫% રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જશે તો ભરપાઇ કરેલ ૨૫% રકમ ખાલસા કરવામાં આવશે.
8. દુકાનનો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજનો સંપુર્ણ ખર્ચ દુકાન વેંચાણ રાખનાર ઇસમે પદરેથી ભોગવવાનો રહેશે.
9. દુકાન વેંચાણ રાખનાર ઇસમે રાજકોટ શહેરી વિકાસ સતામંડળ વખતો વખત નક્કી કરે તે મુજબનાં સ્થાનિક કરવેરાઓ અલાયદા ભરવાના રહેશે.
10. દુકાન / ઓફિસ / હોલ ખરીદનારે મેઇનટેનન્સ માટે એક એસોસીએશન બનાવવાનું રહેશે. અને એસોશીએશન નક્કી કરે તે મુજબની મેઇનટેનન્સની રકમ એસોશીએશનને ચુકવવાની રહેશે. બિલ્ડીંગના મેઇનટેનન્સની જવાબદારી એસોશીએશનની રહેશે.
11. હરરાજીમાં વેંચાણથી આપવામાં આવનાર દુકાનો જે સ્થિતિમાં છે. તે સ્થિતિમાં આપવાની છે. આ કામે મંજુર થયેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબની માપ-સાઇઝમાં અને ખરેખર માપ-સાઇઝમાં સ્થાનિક પરીબળો અનુસાર ફેરફાર હોય શકે છે, જે અરજદારને બંધનકર્તા રહેશે. આ અંગેની અરજદારની કોઇપણ પ્રકારની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અરજદાર દુકાન ખરીદતા પહેલા સ્થળ તપાસ કરી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવશે.
12. છેવટની ઉંચી બોલી / માંગણી મંજુર રાખવી કે કેમ ? તે અંગે મુખ્ય કારોબારી અધિકારી સાહેબનો નિર્ણય આખરી અને અંતિમ ગણાશે જે દરેકને બંધનકર્તા રહેશે.

ડીપોઝીટ પેટે આપેલ ચેકની વિગત : (૧) ચેક નં ............................

(૨) તારીખ : .............................

(૩) બેંકનું નામ અને શાખા : ............................................................

ઉકત શરતો અમોએ વાંચેલ છે અને અમોને કબુલ મંજુર છે, જે અંગે અમો આથી લેખિત બાંહેધરી આપીએ છીએ.

સહી : ..........................................................................................

નામ : ..........................................................................................